ગુજરાતમિત્ર

## ગતિવિધિ

## IPHONE મોબાઈલ પેકેજીંગમાંથી કાઢીને કપડા ધોવાનો સાબુ મુકનાર સામે ફરિયાદ

વડોદરા : એમેઝોનમાંથી મંગાવેલા 11 જેટલા IPHONE મોબાઈલમાંથી એક એન્ટરપ્રાઈઝનાં એક ડીલીવરી એસોસિયેટ યુવકે ડીલીવરી આપવા જતી વખતે પેકેજીંગ ખોલીને મોબાઈલ ફોન લઈને સાબુ મુકનાર સામે ભરૂચ બી ડીવીઝનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. મૂળ સયાજી ટાઉનશીપ વોટર ટેક પાસે વડોદરા રહેતા જનકભાઈ વસંતભાઈ વાયડે પોતે છેલ્લા બે વર્ષથી પ્રાઈવેટ મિલેટ્રી એન્ટરપ્રાઈઝમાં ઓપરેશન મેનેજર તરીકે નોકરી કરે છે.તેઓના એન્ટરપ્રાઈઝમાં એક્ઝોન કંપનીમાં આવતા પાર્સલને ઓર્ડર પ્તામાને ડિલીવરી કરવાનું હોય છે. તેઓના પ્રાઈવેટ મિલેટ્રી એન્ટરપ્રાઈઝમાં એઝાજ મુબારક પટેલ રહે-વડવા,મસ્જીદ ફળિયું,ભરૂચએ ગત તા-1લી મે-૨૦24નાં રોજ નોકરીએ લાગ્યો હતો. ગત તા-17મી મે-20૨૪ના રોજ બપોરે ઈનબોન્ડ લોડ (પાર્સલ) સુરત ખાતેથી ભોલાવ ભરૂચ તેમની ઓફિસે આવ્યો હતો.જે ડીલીવરી કરવા માટે એન્ટરપ્રાઈઝમાં નોકરી કરતો ડીલીવરી એસોસિયેટ એઝાજ મુબારક પટેલ ૩૦ પાર્સલ લઈને નીકળ્યો હતો.એજ દિવસે સાંજે ડીલીવરી એસોસિયેટ એઝાજે ડીલીવરીનો હિસાબ આપ્યો ન હતો.જેને લઈને જનકભાઈએ ફોન કરીને કહ્યું કે આજનો હિસાબ કેમ આપ્યો નથી.જેને લઈને લઈને એઝાજ પટેલે કહ્યું કે હું લગ્ન પ્રસંગમાં છું જેથી 6 પાર્સલ રીજેક્ટ થયા છે.જે આવતીકાલે આપી દઈશ એવી વાત કરેલી. બીજા દિવસે એઝાજ પટેલ હિસાબની માંગણી કર્યા બાદ કહ્યું કે રીજેક્ટ થયેલ 6 પાર્સલ મનુબર ચોકડી ખાતે ઓર્ચિડ કોમ્પલેક્ષમાં આવેલ અમદાવાદી સ્ટેશનરીમાં મારા બનેવીની દુકાનમાં પડી રહેલ છે.

## તરસાલી આઈ. ટી. આઈ. ખાતે આજે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો તથા નામ નોંધણી



વડોદરા : મોડેલ કરીઅર સેન્ટર, મદદનીશ નિયામક (રોજગાર )કચેરી, તરસાલી, વડોદરા દ્વારા આજે એટલે કે તા. ૧૧/૦૯/૨૦૨૪ ના રોજ તરસાલી આઈ. ટી. આઈ. ખાતે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો અને અનુબંધમ પોર્ટલમાં નામ નોંધણી કેમ્પ તેમજ સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજવામાં આવી હતી. જેમાં ૫૦૦થી વધારે ટેકનીકલ- નોન ટેકનીકલ જગ્યા માટે વડોદરા જિલ્લાના ૧૫ જેટલા નોકરીદાતાઓએ હાજર રહીને ઈન્ટરવ્યૂ પ્રક્રિયા હાથ ધરી હતી. આ ભરતી મેળામાં અંદાજિત ૨૦૬ ઉમેદવારોએ ભાગ લીધો હતો.

## ઇન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા વિષેશ ઉદ્દેશ સાથે ગરબાનું આયોજન કરાશે



વડોદરા :વડોદરાની ઓળખ એટલે આપણા સાંસ્કૃતિક ગરબા. દર વર્ષે સંસ્કારનગરી વડોદરામાં નવરાત્રીની ભારે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવતી હોય છે. ત્યારે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA Vadodara) દ્વારા આ વર્ષે એક વિશેષ ઉદ્દેશ સાથે ગરબાનું આયોજન કરવામાં આવ્યું રહ્યું છે. આઈએમએ વડોદરા દ્વારા 100 સ્પેશિયલ બાળકો તેમના ભણતર, તબીબી અને સામાજીક જરૂરિયાતોમાં સપોર્ટ કરવામાં આવશે. જેને લઈને 11 સપ્ટેમ્બરને બુધવારના રોજ બપોરે 4.45 વાગે વિનસ પહેલ ગ્રાઉન્ડ રિલાયન્સ મોલની પાછળ, ઓલ્ડ પાદરા રોડ, ખાતે ગરબાના ગ્રાઉન્ડનું ખાતમુહર્તનું આયોજન કરાયું હતું.

## ૫૩મી કે.વી.સી નેશનલ સ્પોર્ટ્સ મીટ 2024-25માં રમતવીર વિરાજ ચૌહાણને કાસ્ય ચંદ્રક એનાયત



વડોદરા : હાલ ચંદીગઢ ખાતે ચાલી રહેલ ૫૩ મી કે.વી. સી નેશનલ સ્પોર્ટ્સ મીટ કોમ્પિટિશનમાં બરોડા રાયફલ કલબના રમતવીર વિરાજ ચૌહાણ ૧૦ મીટર પીપ સાઈટ (U-17 Boys) એર રાયફલ મેનમાં ભાગ લઈ ૩૯૩/૪૦૦ અંક પ્રાપ્ત કરી કાસ્ય ચંદ્રક પ્રાપ્ત કરી વડોદરા અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

## ભાજપા પ્રમુખ ડો.વિજય શાહના હસ્તે કૃત્રિમ તળાવનું ઉદ્ઘાટન,નદીઓના પવિત્ર જળ પધરાવાયા



વડોદરા : પાલિકા દ્વારા ગણપતિ વિસર્જન માટે વિવિધ વિસ્તારોમાં કૃત્રિમ તળાવ તૈયાર કરવામાં આવ્યા છે ત્યારે આજ રોજ પ્રથમ વાર પશ્ચિમ માં આવેલા ભાયલી વિસ્તાર માં ગણપતિ બાપ્પા ના વિસર્જન માટે કુત્રિમ તળાવ તૈયાર કરવામાં આવ્યું હતું આ તળાવ માં વિસર્જન માટે સેવા ભાવિ યુવકો સતત હાજર રહેશે આજે વડોદરા મહાનગર ભાજપ ના શહેર પ્રમુખ ડો વિજયભાઈ શાહની ઉપસ્થિતિમાં પાંચ નદીઓના પવિત્ર જળ છોડી તળાવનું ઉદ્ઘાટન કર્યું હતું આ કાર્યક્રમમાં શહેર મંત્રી મેહુલભાઈ લાખાણી, કોર્પોરેટર અવનિબેન સ્ટેમ્પવાલા, ઉમંગભાઈ બ્રહ્મભટ્ટ, લીલા બેન મકવાણા વોર્ડ પ્રમુખ વસંતભાઈ પટેલ, કાર્યકર નારાયણભાઈ રાજપુત, સહીત અન્ય હોદ્દેદારો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.કુત્રિમ તળાવ માં વૈદિક મંત્રોચ્ચાર થી પાંચ પવિત્ર નદીના જળ તળાવમાં છોડી તળાવને પવિત્ર કરવામાં આવ્યું હતું.

**તંગદિલીમાં 20 જણા સામે ગુનો દાખલ, બે જણાને ઈજા, સ્થિતિ ફરી ન બગડે માટે સમગ્ર વિસ્તારમાં પોલીસના ધાડેધાડા ઉતારી દેવાયા**

# ભરૂચમાં મોડીરાત્રે બે કોમ વચ્ચે જૂથ અથડામણ







બંને કોમનાં ધાર્મિક તહેવારો બાબતે ઝંડા લગાવવા તકરાર

(પ્રતિનિધી) ભરૂચ,તા.11 સુરતનાં સૈયદપુરામાં ગણેશ પંડાલ પર પથ્થરમારાની ઘટના બાદ સર્જાયેલ અરાજકતાનાં માહોલ હાલમાં થાળે પડ્યો છે.ત્યારે,હવે ભરૂચમાં તંગદિલીનો માહોલ સર્જાયો છે. ભરૂચમાં બે જૂથના ટોળા સામસામે આવ્યા હતા. ધાર્મિક તહેવારો બાબતે ઝંડા લગાવવા તકરાર બાદ મામલો વધારે ગંભીર બન્યો હતો. જેને લઈ બંને ટોળાએ એકબીજા પર પથ્થરમારો કર્યો હતો. આ મામલે પોલીસે 20 લોકોના નામ સહિત ટોળા સામે ફરિયાદ નોંધી 17ની ધરપકડ કરી લીધી છે. સ્થિતિ ફરી ન બગડે તે માટે સમગ્ર વિસ્તારમાં પોલીસના ધાડેધાડા ઉતારી દેવામાં આવ્યા છે.જો કે, પોલીસનાં ઉચ્ચ અધિકારીઓ સહિતની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

સુરત બાદ ભરૂચમાં મંગળવારે મોડી રાતે તંગદિલી સર્જાઈ હતી. ભરૂચના બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે કોમનાં જૂથ વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું. ધાર્મિક તહેવારો દરમિયાન ઝંડા લગાવવા મામલે તકરાર થતાં મામલો બીચક્યો હતો. જેમાં 2 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારે સમગ્ર ઘટનાને લઈ પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં ભરૂચ પોલીસ દ્વારા કેટલાક શખ્સોને ડીટેઈન કરવામાં આવ્યા છે.ઘટનાની જાણ થતાં ઉચ્ચ અધિકારી સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. જે બાબતે ભરૂચના ભરૂચ એસપી મયુર ચાવડાએ કહ્યું હતું કે, ભરૂચ શહેરમાં ગતરાત્રિએ ઝંડા લગાવવા બાબતે બે કોમના ટોળા સામસામે આવી જતા માહોલ ઉગ્ર બન્યો હતો.પોલીસ તાત્કાલીક પહોંચી જતા સ્થિતિ કંટ્રોલમાં આવી હતી. રજૂઆતો અને સીસીટીવીની ચકાસણીના આધારે પોલીસે ગુનો નોંધ્યો છે. જેમાં 20 લોકોના નામ છે અન્ય ટોળા સામે ગુનો નોંધવામાં આવતા મોટાભાગના આરોપીની ધરપકડ કરવામાં આવી છે.આ બાબતે શાંતિસમિતિની બેઠક બોલાવવામાં આવી છે અને સ્થિતિ ન બગડે તે માટે બંને કોમના આગેવાનોને અપીલ કરવામાં આવી છે. લોકોને અપીલ છે કે, માહોલ ખરાબ થાય તેવા મેસેજ, ફોટો કે વીડિયો લોકો સોશિયલ મીડિયા મારફત ન ફેલાવે. પોલીસની સોશિયલ મીડિયા પર નજર છે. જો કોઈ ગ્રુપમાં આવા મેસેજ ફરતા થશે તો તેની સામે કાર્યવાહી કરાશે.

ભરૂચ પોલીસે બંને કોમનાં લોકોને સમજાવીને મામલો થાળે પાડ્યો હતો અને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

**શહેર બન્યું શ્રીજીમય, અનોખી થીમ**

## સાકેત ફ્લેટ ખાતે વિવિધ વાજીંત્રોથી શ્રીજીનો શણગાર



(પ્રતિનિધી) વડોદરા, તા.11 વિઘ્નહર્તા, દૂંદાળા દેવ શ્રીજીનુ શનિવારે ભાદરવા સુદ ચોથ ને ગણેશ ચતુર્થી નિમિત્તે ભવ્ય આગમન સાથે સ્થાપના કરવામાં આવી છે ત્યારે શહેરના ખોડિયારનગર સ્થિત સાકેત ફ્લેટ ખાતે આવેલા E ટાવર ખાતે સામાજિક આગેવાન એવા સન્મુખ જ્ઞાનચંદાની ના નિવાસસ્થાને શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી.

અહીં સંગીતના પણ જ્ઞાતા એવા શ્રીજીની વિવિધ વાજીંત્રો સાથે મૂષકો (ગણેશજીના પ્રિય વાહન ઉંદર) દ્વારા અનોખી ભક્તિ બેન્ડ, ઢોલક વગાડતા હોય તે રીતે દર્શાવવામાં આવી હતી.

જેમાં ફ્લેટના સભ્યો, અન્ય આગોવાનો પધાર્યા હતા અને આ અનોખી થીમ નિહાળી અભિભૂત થયા હતા.

**નંદઘરમા બારીના કાચના ટૂકડા અને પત્થર ઇંટના ટૂકડા જોવા મળ્યા**

## ન્યૂ કારેલીબાગમા રામદેવનગર-14ના નંલઘર પર મોડીરાત્રે પથ્થરમારો

**ચોરીનો** પ્રયાસ કે પછી અન્ય કારણોસર તોડફોડ કરાઇ તે વિશે પોલીસે તપાસ હાથ ધરી



(પ્રતિનિધી) વડોદરા તા. 11 શહેરના ન્યૂ વીઆઈપી રોડ વિસ્તારમાં આવેલા ખોડિયારનગર સ્થિત રામદેવનગર-14 મહાકાળી બીયુપીએસ આવાસ યોજનાના મકાનો વચ્ચે આવેલ નંદઘર કે જ્યાં અહીં સ્થાનિક લોકોના નાનાં નાનાં ભૂલકાઓ અભ્યાસ માટે ના પ્રથમ પગથિયાં સમાન નંદઘરમા શિક્ષણ લેવા માટે આવતા હોય છે ત્યાં મંગળવારે રાત્રી દરમિયાન કોઇ અજાણ્યા શખ્સ દ્વારા પત્થરમારી બારીઓના કાચ તોડી નાંખ્યાં હતા. સવારે નંદઘરના શિક્ષિકા તથા બહેનને નંદઘર ખાતે આવી પહોંચતાં આ તોડફોડ થયેલી જણાતા તેમણે આ સમગ્ર મામલે પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી સ્થાનિક પોલીસ દ્વારા બનાવની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. આસપાસ કોઇએ આ પત્થરમારો થયો તે નજરે જોયું ન હોવાનું પોલીસ પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું. જો કે આ કોઇ નશાખોરે નશાની હાલતમાં આવું કૃત્ય કર્યું હતું કે પછી કોઈ ચોરીના ઈરાદે તે તપાસનો વિષય છે. આંગણવાડીમાં એવી કિંમતી કોઇ ચીજવસ્તુઓ હોતી નથી સિવાય કે ભૂલકાઓ માટે પુસ્તકો, ખુરશી નાસ્તા પાણી માટે ડીશ, વાસણો સિવાયત્યારે આ પરકારનુ કૃત્ય કયા ઈરાદે કરવામાં આવ્યું છે તેની પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. સવારે આ ઘટનાને પગલે આસપાસના લોકો, બાળકોને નંદઘર મૂકવા આવ્યા ત્યારે ટોળું થઇ ગયું હતું.

## શહેર-જિલ્લાની અદાલતોમાં 14 સપ્ટેમ્બરે મેગા નેશનલ લોક અદાલત યોજાશે

(પ્રતિનિધી) વડોદરા, તા.11 જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, વડોદરા દ્વારા નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરીટીના નેજા હેઠળ, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસિસ ઓથોરીટીના માર્ગદર્શન તેમજ વડોદરાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટીના ચેરમેનશ્રી જયેશ ડી. ઓડેદરાની અધ્યક્ષતામાં આ વર્ષની ત્રીજી મેગા નેશનલ લોક અદાલતનું તા. ૧૪/૦૯/૨૦૨૪ને શનિવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે.આ લોક અદાલતમાં વડોદરા જિલ્લાની તમામ કોર્ટ દ્વારા લોક અદાલતનાં માધ્યમથી સમાધાન લાયક જૂના પડતર કેસોનો નિકાલ કરવાની ઝુંબેશ ઉપાડવામાં આવી છે. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક જસ્ટીસ સુનીતા અગ્રવાલ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ જસ્ટિસ બિરેન વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ આરંભ કરાશે.

**સંત વિનોબા ભાવેની જયંતી નિમિતે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો**

## ઝંડા-સત્યાગ્રહ માટે સરકારે સંત વિનોબા ભાવેની ધરપકડ કરી હતી

**તેમના** પિતા નરહરી શંભુરાવ શોધક વૃત્તિવાળા અને વિજ્ઞાનના ચાહક હતાં



(પ્રતિનિધી) વડોદરા, તા.11 આચાર્ય વિનોબા ભાવેનુ જન્મ 11મી સપ્ટેમ્બર,1895માં થયો હતો. તેમના જન્મ સમયનું નામ વિનાયક નરહરી ભાવે હતું. એમનો જન્મ ગાગોર્ડ, મહારાષ્ટ્ર ખાતે થયો હતો. એમને ભારતના રાષ્ટ્રીય અધ્યાપક અને મહાત્મા ગાંધીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી માનવામાં આવે છે. એમને પોતાના જીવનના આખરી વર્ષો પુનાર મહારાષ્ટ્ર ખાતેના આશ્રમમાં ગુજાર્યા હતાં.પ્રખર બુધ્ધિમત્તા અને મૂળગામી પ્રજ્ઞા, વિશાળ વાંચન તથા ઊંડો અભ્યાસ, અખંડ સેવાવ્રત અને કડક વૈરાગ્ય, અદ્વિતીય સાધુતા અને અનુકરણીય શુચિતા, ભેદાતીય વૃતિને સ્થિતપ્રજ્ઞતા, અદભૂત સ્મરણશક્તિ, દુર્દમ્ય ઈચ્છાશતિ અને સતત ઈશ્વરપરાયણતા, આજીવન તપશ્ચર્યા અને અભિજાત નગ્નતા, નિયમિતતા અને નિર્ભયતા-આવા અનેક ગુણોથી વિભુષિત વ્યદિત એટલે વિનાયક-વિનોબા ભાવે. ફુલાબા ગાગોર્ડ ગામમાં ઈ.સ. 1895માં સપ્ટેમ્બરની 11મી તારીખે એમનો જન્મ થયો હતોં. પિતા નરહરી શંભુરાવ શોધક વૃત્તિવાળા, ઉદાર તથા પશ્ચિમી શિક્ષણ અને વિજ્ઞાનના ચાહક હતાં. માતા રૂકમણીબાઈનો વિનોબાજી પર ઊંડો પ્રભાવ હતો. બાળક વિનાયડે ગાગોડેમાં જ શિક્ષણ લીધું.પિતાએ પછી એમને અંગ્રેજી શિક્ષણ માટે વડોદરા બોલાવી લીધા. અભ્યાસ ઉપરાંત વિનાયકે અહીં પુષ્કળ વાંચન કર્યુ. આ રીતે તેમણે ઈતિહાસ, તત્વજ્ઞાન, ગણિત અને ધર્મોનો ઊંડો અભ્યાસ કર્યો. એમણે બાર વર્ષની વયે જ આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી હતી.એમણે જે રીતે વર્ષના અંતિમ દિવસે ઈ.સ. 1982ના દિવાળીના જ દિવસે પોતાની જીવનલીલા સંકેલી લીધી, હતી આજે વડોદરા મહાનગરપાલિકા દ્વારા તેમની જન્મમજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પિત કરી હતી.

## એમેઝોન બિઝનેસે 15મી સપ્ટેમ્બર સુધી 7મી એનિવર્સરી સેલની જાહેરાત કરી

(પ્રતિનિધી) વડોદરા, તા.11 એમેઝોન બિઝનેસે 9થી 15મી સપ્ટેમ્બર સુધી ભારતમાં વ્યવસાય કરનારા ગ્રાહકો માટે અભૂતપૂર્વ ડીલ પ્રદાન કરનાર તેની 7મી એનિવર્સરી સેલના શરૂઆતની જાહેરાત કરી છે. અઠવાડિયા સુધી ચાલનારા 7મી એનિવર્સરી સેલ દરમિયાન, વ્યવસાય કરનારા ગ્રાહકો વિવિધ ઉત્પાદનોની શ્રેણી પર 70% સુધીનું ડિસ્કાઉન્ટ મેળવી શકે છે અને સ્માર્ટ વોચ, હોમ અને કિચન એપ્લાયન્સીસ, લેપટોપ, ઓફિસ ફર્નિચર, સેક્યુરીટી કેમેરા, સ્માર્ટ ટીવી અને વધુ જેવા ઉત્પાદનો પર આકર્ષક ડીલ્સ અને ઑફર્સનો આનંદ માણી શકે છે. ઓર્ડર દીઠ રૂ. 9999 સુધીનું કેશબેક, ન્યૂનતમ વ્યાજ દરે 12 મહિના સુધી વધારી શકાય તેવા 30-દિવસના વ્યાજમુક્ત ક્રેડિટ વિકલ્પ સાથે 3 ખરીદીઓ પર મેળવી શકાય છે, અને સેલ દરમિયાન રોકડ પ્રવાહનું સંચાલન કરવા માટે કોઈ છુપાયેલા ખર્ચ સામેલ નથી.

**બ્રાહ્મણ સભા વડોદરા દ્વારા દર વર્ષે ગણેશ ઉત્સવ**

## ચાર વેદોના પ્રકાંડ પંડિતો દ્વારા વેદોનું પઠન કરાયું




(પ્રતિનિધી) વડોદરા, તા.11 બ્રાહ્મણ સભા વડોદરા દ્વારા દર વર્ષે ગણેશ ઉત્સવનું સાત દિવસનું આયોજન કરવામાં આવે છે આ સાત દિવસ દરમિયાન વિવિધ પ્રકારના કાર્યક્રમ યોજાતા હોય છે. બે દિવસ પહેલા સામૂહિક અભિષેક સહસ્ત્રાવર્તનનો કાર્યક્રમ થયો ગઈકાલે ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું અને પરમ દિવસે રાત્રે ચાર વેદોના પ્રકાંડ પંડિતો દ્વારા વેદોનું પઠન એટલે જ કે મંત્ર જાગરણનો કાર્યક્રમ રાત્રે 9:00 વાગ્યાથી 10:30 દરમ્યાન સંસ્થાના હોલમાં યોજાશે.

**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
Bharuch Circle Office
Maktampur Road, Bharuch 392 012
DGVCL
Toll Free No. 19123 (OR 1800 233 3003)
**Tender Notice No. 04/2024-25 Adv. No.**
Tenders are invited for providing Armed, Unarmed and Civil Guards for security services of various offices, stores under DGVCL Bharuch Circle. The details are available on www.gseb.com & http://dgvcl.nprocure.com.
**CEO & SE (O&M), Bharuch Circle Office, DGVCL**
Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

# ગણેશ ઉત્સવ-સર્જન તે વિસર્જન યાત્રાની થીમ પર વિપુલ માનેનું સોલો ફોટોગ્રાફી પ્રદર્શન

**જાણીતાં** ફોટોગ્રાફર અને સીનેમેટોગ્રાફર વિપુલ માને દ્વારા ક્લિક કરેલાં અદભૂત ફોટોગ્રાફ્સ





(પ્રતિનિધી) વડોદરા,તા.11 વડોદરા શહેરનાં જાણીતાં ફોટોગ્રાફર અને સીનેમેટોગ્રાફર વિપુલ માને દ્વારા ક્લિક કરવામાં આવેલાં ફોટોગ્રાફ્સ નું જેતલપુર રોડ પર આવેલ પી.એન.ગાડગીલ એન્ડ સન્સ ની આર્ટ ગેલેરી ખાતે ગણેશજીનાં ફોટોગ્રાફ્સ નું (ગણેશ ઉત્સવ - સર્જન તે વિસર્જન યાત્રા) ની થીમ આધારિત સોલો ફોટોગ્રાફી પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

આ પ્રદર્શન વડોદરાનાં કલારસિકો અને શ્રીજીભક્તો તારીખ ૧૧ થી ૧૫ સપ્ટેમ્બર નાં રોજ સવારે ૧૧ થી સાંજે ૭ સુધી નીહાળી શકશે. પ્રદર્શનમાં મૂકવામાં આવેલ કૃતિઓ વિષે વાત કરતાં વિપુલ માને એ જણાવ્યું હતું કે આ પ્રદર્શનમાં ગણેશજી ની અલગ અલગ ૨૧ કૃતિઓ મૂકવામાં આવી છે,જેમાં શ્રીજીની મૂર્તિ બનાવવાની શરૂઆત થી લઈ મૂર્તિ ને આખરી ઓપ આપતા, આગમન થી લઈ વિસર્જન સુધી નાં ગણેશ ઉત્સવ નાં પ્રસંગો ને કેમેરાના માધ્યમથી તસવીરના રુપમાં કેદ કરી લીધા છે.

ગુજરાતમિત્ર
ગતિવિધિ
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)
આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com